તાપમાન
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૧૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૮ ટકા ● સાંજે ૩૭ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૭૪ | ૧૫ ડિસેમ્બર, ૨૦૧૬, ગુરૂવાર ; માગશર વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો
36


# એક હજાર કરોડથી વધુ કાળુનાણું પકડાયું



**દેશભરમાં દરોડાઓનો દોર : ૩૬ મામલા સપાટી ઉપર આવ્યા : કેશના કાળા બજાર કરી રહેલા લોકો સામે ઈન્કમટેક્સ વિભાગ અને સરકારની આક્રમક કાર્યવાહી : દરોડાઓનો દોર : જુદી જુદી જગ્યાએ જંગી જથ્થો જપ્ત**

નવી દિલ્હી,તા. ૧૪

રોકડની કાળાબજારીની સામે દેશભરમાં ચાલી રહેલી કાર્યવાહી આજે પણ યથાવત રીતે જારી રહી હતી. આજે સવારથી જ સરકાર અને ઈન્કમટેક્સ વિભાગની કાર્યવાહીનો દોર જારી રહ્યો હતો. દેશભરમાં ઈન્કમટેક્સની રેડમાં હજુ સુધી ૧૦૦૦ કરોડ રૂપિયાની બિનહિસાબી આવકની માહિતી મળી છે. ઈન્કમટેક્સ વિભાગે આજે નિવેદન જારી કરીને કહ્યું હતું કે દેશભરમાં કેશ સ્કેમના ૩૬ મામલામાં ૧૦૦૦ કરોડ રૂપિયાથી વધુની બિનહિસાબી આવકની માહિતી મળી છે. વિભાગના કહેવા મુજબ નવમી નવેમ્બરથી કર્ણાટક અને ગોવામાં હજુ સુધી ૨૯.૮૬ કરોડ રૂપિયાની રોકડ, ૪૧.૬ કિલોગ્રામ સોના-ચાંદી, ૧૪ કિલોગ્રામ ઝવેરાત જપ્ત કરવામાં આવ્યા છે. પકડી પાડવામાં આવેલી રોકડમાં ૨૦.૨૨ કરોડ રૂપિયાની

● અનુસંધાન પાન-૭ પર

## બિહારમાં વિશ્વનું સૌથી મોટુ મંદિર ટૂંકમાં બનશે

પટણા,તા. ૧૪

બિહારમાં દુનિયાનું સૌથી મોટુ મંદિર બનાવવાની કામગીરીમાં ટૂંક સમયાં જ હાથ ધરવામાં આવનાર છે. સૌથી મોટા મંદિરના નિર્માણની કામગીરી ટૂંક સમયમાં શરૂ થશે. આની તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે.

આગામી વર્ષે હોળીના તહેવાર બાદ મંદિરનું નિર્માણ કામ શરૂ થશે. કંબોડિયન સરકારના વિરોધ બાદ મૂળ યોજનામાં સુધારો કરવામાં આવી ચુક્યો છે.

## અગ્નિ-૫ મિસાઈલના પરીક્ષણની તૈયારીઓ

**સમગ્ર ચીન મિસાઈલની રેન્જમાં આવી જશે**



નવી દિલ્હી, તા.૧૪

ભારત એક મહાદ્વિપથી બીજા મહાદ્વિપ સુધી પ્રહાર કરવાની ક્ષમતા ધરાવનાર પોતાની ઈન્ટરકોન્ટીનેન્ટલ બેલાસ્ટિક મિસાઈલ (આઈસીબીએમ) અગ્નિ-૫ મિસાઈલનું પરીક્ષણ કરવાની તૈયારીમાં છે. આ ટેસ્ટ આશરે બે વર્ષ બાદ કરવામાં આવશે. સૂત્રોના કહેવા મુજબ ટેસ્ટ માટે તૈયારીઓ અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. લોન્ચ ઓરિસ્સાના વિલર આઈલેન્ડથી થશે. આ મિસાઈલની રેન્જમાં સમગ્ર ચીન આવી જશે. જેના પરિણામ સ્વરૂપે આ ટેસ્ટને વ્યૂહાત્મક રીતે ખૂબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. સંરક્ષણ સૂત્રોના કહેવા મુજબ લોન્ચની તૈયારીઓ યુદ્ધના ધોરણે ચાલી રહી છે. ન્યુક્લિઅર વોરહેટ લઈ જવામાં ક્ષમતા આ

● અનુસંધાન પાન-૭ પર

# દેશભરમાં આર્થિક અરાજકતાની સ્થિતિ યથાવત

**હાલમાં અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાતના વિવિધ ભાગોમાં લાઇનો વધારે છે : સરકાર અને બેંકો દ્વારા કરાયેલા પ્રયાસો હજુય અપૂરતા પુરવાર**



નવી દિલ્હી,તા. ૧૪

હાઈ વેલ્યુવાળી રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ આજે ૩૬માં દિવસે પણ સ્થિતી સામાન્ય રહી ન હતી. સ્થિતીને હળવી કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે પરંતુ પ્રયાસો અપુરતા દેખાઈ રહ્યા છે. નોટબંધીને એક મહિનાથી પણ વધુનો સમય થયો હોવા છતાં લોકો પરેશાન દેખાઈ રહ્યા છે. અન્ય રાજ્યોની તુલનામાં સ્થિતી વધારે ખરાબ ગુજરાતના વિવિધ રાજ્યોમાં છે. આજે નોટબંધીના ૩૬માં દિવસે પણ સવારથી જ લોકો બેંકો, એટીએમ અને પોસ્ટ ઓફિસ પર લાઈનમાં લાગેલા નજરે પડ્યા હતા. બીજી બાજુ લોકો ભારે પરેશાન દેખાઈ રહ્યા છે. આઠમી નવેમ્બરના દિવસે રાત્રે મોટી નોટ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ સ્થિતીને હળવી કરવાના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા હોવા છતાં હજુ સ્થિતીમાં સુધારો થઈ રહ્યો નથી. બીજી બાજુ વિરોધ પક્ષો હાલમાં ભારે હોબાળો મચાવીને સ્થિતીને ખરાબ કરી રહ્યા છે. બેંકો, પોસ્ટ ઓફિસ, એટીએમ ખાતે લાંબી લાઈન

● અનુસંધાન પાન-૭ પર

# સંસદમાં હોબાળા અને સભાઓમાં દેકારા-પડકારા

**સંસદનું શિયાળુ સત્ર પુરુ થવામાં હવે માત્ર બે જ દિવસ જ બાકી છે ત્યારે નોટબંધીના મામલે સતત ૧૮માં દિવસે ભારે હોબાળા વચ્ચે સંસદ મુલત્વી રખાઈ હતી. આક્ષેપો અને પ્રતિઆક્ષેપોની વચ્ચે સંસદની કાર્યવાહી મુલત્વી રખાતા બંને પક્ષોએ સામસામે જવાબદારીના આક્ષેપો કર્યા હતા**

## મોદીના અંગત ભ્રષ્ટાચારની માહિતી છે : રાહુલ ગાંધી

**લોકસભામાં નોટબંધી અને કિરણ રિજ્જુના મામલે ભારે ધાંધલ ધમાલ બાદ લોકસભા કાર્યવાહી દિવસભર મોકુફ**

નવી દિલ્હી,તા. ૧૪

કોંગ્રેસના નાયબ અધ્યક્ષ



રાહુલ ગાંધીએ આજે વડાપ્રધાન મોદી ઉપર આક્રમક પ્રહારો કર્યા હતા. મોદી ઉપર પ્રહાર કરતા રાહુલે દાવો કર્યો હતો કે તેમની પાસે વડાપ્રધાનના અંગત ભ્રષ્ટાચારની માહિતી છે અને આ માહિતી ગૃહમાં મુકવાની તક તેમને આપવામાં આવી રહી નથી. વિપક્ષની સંયુક્ત પત્રકાર પરિષદમાં રાહુલે કહ્યું હતું કે આ એવી માહિતી છે જેના કારણે વડાપ્રધાનની તમામ બાબતો ખુલ્લી પડી જશે. ભાજપે રાહુલના આ નિવેદનને હાસ્યાસ્પદ તરીકે ગણાવીને ટકોર કરી હતી. બીજી બાજુ લોકસભામાં નોટબંધી અને કિરણ રિજ્જુના મુદ્દા પર ભારે ધાંધળ ધમાલ થઈ હતી. જેના કારણે લોકસભાની કાર્યવાહી ગુરૂવાર સુધી મોકુ કરી દેવામાં આવી હતી. કાર્યવાહી સ્થગિત કરી દેવામાં આવ્યા બાદ સંયુક્ત પત્રકાર

● અનુસંધાન પાન-૭ પર

## જીએસટી માટે સત્ર બોલાવાય તેવી શક્યતા

**તમામ વિરોધ પક્ષોને વિશ્વાસમાં લેવાની તૈયારી : જીએસટી બિલ પર તમામ રાજ્યો પાસેથી સહમતી મળી ગયા બાદ બે દિવસનુ ટુંકુ સત્ર બોલાવવાની વિચારણા**

નવી દિલ્હી,તા. ૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર આગામી વર્ષથી જીએસટી લાગુ કરવા માટે તમામ વિરોધ પક્ષોને વિશ્વાસમાં લેવા માટે પ્રયાસ કરી રહી છે. સુત્રોના કહેવા મુજબ સરકાર જીએસટી બિલ પર તમામ રાજ્યો પાસેથી સહમતિ મળી ગયા બાદ સંસદનુ ટુંકુ સત્ર બોલાવીને બિલને પાસ કરવા માટે પહેલ કરી શકે છે. હજુ સુધી તમામ રાજ્યો વચ્ચે જીએસટી બિલને લઈને સહમતિ થઈ શકી નથી.

અત્રે નોંધનીય છે કે ૧૧ અને ૧૨મી ડિસેમ્બરના દિવસે જીએસટી કાઉન્સિલિંગની બેઠકમાં સરકારને રાજ્યો સાથે સહમતિ થઈ જવાની આશા હતી. ત્યારબાદ વર્તમાન શિયાળુ સત્રમાં તેના પસાર થવાની શક્યતા ખતમ થઈ ચુકી છે. હાલમાં ચાલી રહેલુ સત્ર શિયાળુ સત્ર માત્ર ૧૬મી ડિસેમ્બર સુધી જ ચાલનાર છે.

સુત્રોના કહેવા મુજબ જીએસટી બિલને સરકાર બજેટ સત્ર સુધી લટકાવવા માટે તૈયાર નથી. આવી સ્થિતીમાં અધવચ્ચે જ સરકાર બે દિવસનુ સત્ર બોલાવીને જીએસટી પાસ કરવાના મામલે આક્રમક બની શકે છે. ટુંકુ સત્ર બોલાવીને જીએસટી બિલ પસાર કરવા માટે સરકારે વાતચીત શરૂ કરી દીધી છે. સરકાર મહત્વકાંક્ષી જીએસટી બિલને કોઈ પણ કિંમતે પહેલી એપ્રિલ ૨૦૧૭થી અમલી બનાવવા માટે કમર કસી ચુકી છે.

## રાહુલના નિવેદનથી કોંગ્રેસનો જ પર્દાફાશ થશે : પ્રકાશ જાવડેકર

**વડાપ્રધાન મોદી સામે જાહેરમાં નિવેદન કરવા પ્રકાશ જાવડેકરનો રાહુલને ખુલ્લો પડકાર : કોંગ્રેસ સહિત વિરોધ પક્ષો બ્લેક મનીને વ્હાઈટ કરવા વ્યસ્ત**

નવી દિલ્હી,તા. ૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભ્રષ્ટાચારની માહિતી હોવાનો દાવો કરનાર કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધી પર ભાજપે આજે જોરદાર વળતા પ્રહાર કર્યા હતા. કેન્દ્રિય મંત્રી પ્રકાશ જાવડેકરે રાહુલ ગાંધીને જાહેરમાં નિવેદન કરવા ખુલ્લો પડકાર ફેંક્યો હતો અને કહ્યું હતું કે રાહુલ અને કોંગ્રેસના અન્ય નેતા મોદીની સામે જેટલા નિવેદન કરશે તેટલા જ પ્રમાણમાં કોંગ્રેસનો વધુ પર્દાફાશ થશે. રાહુલના ભૂકંપવાળા નિવેદન પર ટિપ્પણી કરતા જાવડેકરે કહ્યું હતું કે રાહુલના નિવેદનથી સંસદમાં કોઈ ભૂકંપ આવશે નહીં પરંતુ તેમના પગની નીચેથી જમીન પણ સરકી જશે. સાથે



સાથે જાવડેકરે કોંગ્રેસ સહિત કેટલાક અન્ય વિરોધ પક્ષો પર બ્લેકમનીને વ્હાઈટ કરવામાં સામેલ હોવાનો સીધો આક્ષેપ પણ કર્યો હતો. પત્રકાર પરિષદમાં જાવડેકરે વિપક્ષ પર બ્લેકમનીને વ્હાઈટ કરવાનો આક્ષેપ કરતા કહ્યું હતું કે અમે દેશને

● અનુસંધાન પાન-૭ પર








